| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૦૭/૦૭/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૯૧ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૨ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૦૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૦૫/૨૦૨૩

**કાગડાપીઠઃ** મક્તિસિંગ બલદેવસિંગ જગદેવ (ઉ.વ.૬૦)(રહે,ગજાનંદ રેસીડેન્સી જવેરી એસ્ટેટ સામે, સીગરવા કઠવાડા રોડ, ઓઢવ) એ તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ડીસેમ્બર/૨૦૨૨ થી તા.૧૬/૦૫/૨૦૨૩ દરમ્યાન ગીતામંદીર હબટાઉન જી.એસ.આર.ટી. એસ.સી. "કેશવ એન્ટરપ્રાઇઝ ના કર્તા-હર્તા આરોપી વશિષ્ટ સુથાર એ ફેસબુક ઉપર સોલાર પાવરની એડ આપી, મક્તિસિંગ અને અન્ય સાહેદોનો સંપર્ક કરી સોલાર પેનલ ફીટ કરવાનો વિશ્વાસ અપાવી, મક્તિસિંગ પાસેથી રૂપિયા ૧,૩૧,૪૦૦/ અને સાહેદો પાસેથી રૂપિયા ૧,૩૧,૪૦૦/ મળી કુલ રૂપિયા ૮,૩૩,૨૦૦/- મેળવી નાસી જઇ તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦૬/૨૦૨૩</u>**

**બાપુનગરઃ** મનુભાઇ લાલજીભાઇ સાવલીયા (ઉ.વ.૫૮)(રહે.અનુપમ કોલોની ડી-માર્ટ સામે બાપુનગર) એ તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૨૩ ના કલાક ૮/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના બીજા માળની બારી ના સળીયા કાપી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટના ડ્રોવરમાંથી સોનાની ચાર જોડી બુટ્ટી કિંમત રૂપિયા ૯૦,૦૦૦/-, સોનાની વીંટી કિંમત રૂપિયા ૨૧,૦૦૦/-, સોનાનો બ્રેસલેટ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મળી રૂપિયા ૩,૭૬,૦૦૦/-મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ-** હરીશભાઇ મગનભાઇ પ્રજાપતી (ઉ.વ.૪૮)(રહે.સતગુરૂ લેન્ડમાર્ક, સાઉથ ઇન્ટરનેશનલ સ્કુલ પાસે, હંસપુરા દહેગામ) એ તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૬/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૨૯/૦૬/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન વિંઝોલ નાયરા પેટ્રોલ પંપ સામે, ગોકુલ ફાર્મ પાસે "સદગુરૂ એર" નામની કંટ્રક્શન સાઇટના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ ગોડાઉન ના શટરનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, અલગ-અલગ વાયરોના બંડલો નંગ-૪૭ કિંમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**<u>લુંટઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦૭/૨૦૨૩</u>**

**ઓઢવઃ** લવભાઇ જયેશભાઈ શ્રીમાળી (ઉ.વ.૨૫)(રહે.અમરનગર ગેટ નંબર-૬ પાણીની ટાંકી પાસે રબારી વસાહત ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૩ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી સોહમ કોમ્પલેક્ષ સામે રોડ ઉપર લવભાઇ તેમના મિત્ર નિલેશ રમેશભાઈ યાદવને પોતાની એકટીવા ઉપર લઇ ઓઢવ સોની ની ચાલી બ્રિજ નીચે સુમેલ કોમ્પલેક્ષ સામે ઇંડાની લારી એ નાસ્તો કરવા માટે ગયા હતા, જ્યાં પોતાનુ એકટીવા લેવા જતા પાછળ ઉભેલ ઓટો રિક્ષાવાળા સાથે ઓટોરીક્ષા દૂર કરવા બાબતે ઝઘડો થતા લવભાઇ અને તેમના મિત્ર બંને એક્ટિવા લઈ ત્યાંથી નીકળી ઓઢવ સોનીની ચાલી સોહમ કોમ્પ્લેક્સ સામે રોડ ઉપર પહોંચતા અજાણ્યો ઓટોરિક્ષાનો ચાલક અને તેની સાથે આવેલ તેના મિત્રોએ ભેગામળી "હમણાં તું કેમ દાદાગીરીથી રીક્ષા દૂર લેવાનું કહેતો હતો" તેમ કહી લવભાઇને ચપ્પાના ઘા મારી તેમના ખિસ્સામાંથી મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૩,૦૦૦/- તથા તેમના મિત્ર નિલેશ યાદવને પણ ચપ્પાનો ઘા મારી તેમના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૦૫,૦૦૦/- ખેંચી તોડી લઇ લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ક્રિશ્ચયન ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૮/૨૦૨૩**

**વાડજઃ** નવા વાડજ ચંદ્રભાગા હાઉસીંગ ભાગ્યલક્ષ્મી એપાર્ટમેન્ટ ખાતે પોતાની માતાના ઘરે રહેતા કાજલબહેન વા/ઓ રાકેશભાઇ દંતાણી (ઉ.વ.૨૭)એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન કાજલબહેનના પતિ રાકેશ અંબાલાલ દંતાણી (રહે,ટાટા એન્ડવાસ મીલની ચાલી શાહીબાગ) નાઓને કાજલબહેનના ઘરની અને તીજોરીની ચાવી ક્યાં મુકી હોય છે તેનો ખ્યાલ હોઇ રાકેશ દંતાણી એ કાજલબહેનના ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧,૧૮,૦૦૦/-, સોનાની વિંટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**શેડનુ પતરૂ તુટતા પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૯/૨૦૨૩**

**નિકોલઃ** દેવાનાથ ઉર્ફે નરેશભાઈ ધરાનાથ સમદરનાથ (ઉ.વ.૩૦)(રહે,ગલુડિયા ટેકરા પાસે ટોલટેક્ષ સામે રામોલ) તા.૦૬/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે જી.આઈ.ડી.સી. ઝવેરી એસ્ટેટ પ્લોટ નં.૨૧ "આર.વાય.મેડાસ મેડાકાસ્ટ પ્રા.લી." ખાતે શેડ ઉપર પતરાને હુક લગાવવાનું કામ કરતા હતા દરમ્યાન પતરા ઉપરથી નીચે પડી જતા સારવાર માટે તેમને રખિયાલ નારાયણા હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચીમનસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૦/૨૦૨૩**

**નારણપુરાઃ** સરદાર પટેલ બાવલા પાસે, મહારાજા સમોસાની ગલીમાં ઐશ્વર્ય એપાર્ટમેન્ટના સ્ટોરરૂમ ખાતે સંદીપકુમાર રામચંન્દ્ર તીવારી (ઉ.વ.૨૪)(મુળવતન-ગામ શેરૂપુર તા.જી. બલરામપુર ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૩ ના કલાક ૫/૩૦ વાગ્યા પહેલા સ્ટોરરૂમના પંખા સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ રામજીભાઇ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** ફ્રેન્ડસ કોલોની, સંકુલ એપાર્ટમેન્ટમા આવેલ "ઓકર રીવાવર ગ્રાફિક" નામની ઓફિસમા ઓફિસબોય તરીકે નોકરી કરતા ગોવિંદભાઇ ગેમરભાઇ દેસાઇ (ઉ.વ.૨૭)(રહે.વૃંદાવન આવાસ, કદમ બંગ્લોઝ સામે બોડકદેવ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૫૦ પહેલા ફ્રેન્ડસ કોલોની ખાતે આવેલ "ઓકર રીવાવર ગ્રાફિક" નામની ઓફીસમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રજાકભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**નરોડાઃ** કુંજલબહેન દશરથભાઈ સોલંકી (ઉ.વ.૨૩)(રહે.રાધવ રેસીડેન્સી સધીમાતના મંદિર પાસે નરોડા)એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ફ્લેટ પાંચમા માળે ધાબા ઉપરથી નીચે કુદી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિધ્ધરાજસિંહ જશુજીભાઇ ચલાવે છે.

**નારોલઃ** દેવેન્દ્રસિંગ ભાગીરથસિંગ તોમર (ઉ.વ.૪૮)(રહે.હર્ષિત સોસાયટી માવતર ડેરી પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલ સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી